



# ભિલોડામાં ૪ ઇંચ વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતાં લોકો ભયભીત

ગુજરાતમાં લો પ્રેશર અને સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે. જેના કારણે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં વરસાદી માહોલ સર્જાયો છે. ઝરમર વરસાદ અને ઝાપટા પડી રહ્યા છે. ભિલોડા પંથકમાં ગત રાત્રીએ મેઘરાજાએ ધબધબાટી બોલાવતા ૪ ઈંચ જેટલો વરસાદ ખાબકતા ભિલોડા ગ્રામ પંચાયતની પ્રિમોન્સુન કામગીરીની પોલ ખોલી નાખી હોય તેમ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતા લોકોએ આખી રાત ઘરમાં ઘુસી ગયેલ પાણી ઉલેચવા મજબુર બન્યા હતા. ભિલોડાના આરસીસી રોડ પર ખાડા પડી જતા વાહનચાલકો અને નગરજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો, ઈન્દ્રાસી નદીમાં નવા નીર આવતા લોકો જોવા ઉમટ્યા હતા. ભિલોડા પંથકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ ઈંચ જેટલો વરસાદ ખાબકતા વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી. રવિવારે ભિલોડામાં કડાકા ભડાકા સાથે વરસાદ ખાબકતા ગોવિંદનગર વિસ્તાર, ચંદ્રપુરી સોસાયટી સહીત નીચાણવાળા વિસ્તારોમાં રહેણાંક મકાનોમાં પાણી ઘુસી જતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો, ઘરમાં પાણી ઘુસી જતા ભૂખ્યા રહેવાનો વારો આવ્યો હતો. ઘરવખરીને પણ નુકશાન થતા લોકોમાં ભીલોડા પંચાયતના વહીવટ સામે ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો હતો. અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની ગ્રાન્ટમાંથી નિર્માણ થતા રોડના કામોમાં અને રોડ રિસર્ફેશની કામગીરીમાં કોન્ટ્રાકટરો તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને નેતાઓ સાથે મીલીભગત કરી ભારે ભ્રષ્ટાચાર આદરી રોડના કામમાં જાણે લોટ, લાકડું અને પાણી વપરાતા હોય તેવા રોડ બનાવ્યાના થોડાક જ મહિનાઓમાં રોડ તૂટી જવાની ઘટનાઓ બની રહી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ ભિલોડામાં બનાવેલ આરસીસી રોડ હોય તેમ પ્રથમ વરસાદમાં જ આરસીસી રોડ બિસમાર બનતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

# પાંથાવાડામાં રોડ નીચે નાળું ન મુકવામાં આવતા પાણી ભરાયા

## આખરે રોડ તોડી પાણીનો નિકાલ કરાયો

પાંથાવાડાથી મહુડી જતા ડામર રોડ ઉપર યોગ્ય જગ્યાએ વરસાદી પાણીના નિકાલ માટે નાળા ન મુકવામાં આવતા ખેડૂતોના સમયમાં વરસેલા ધોધમાર વરસાદમાં ખેતરોમાં પાણી એકત્રિત થવા લાગ્યા હતા. વસવાટવાળી જગ્યાઓ અને રસ્તાઓ મારફતે પોતાના સ્થળોએ પહોંચ્યા હતા.

રોડ ખાતા દ્વારા યોગ્ય જગ્યાઓમાં પાણીના નિકાલ



વસવાટ અને પશુઓ બાંધવાની જગ્યાઓ સુધી પાણી ભરાવા લાગતા ડામર રોડ તોડી પાણીનો નિકાલ કરવામાં આવતા વાહન ચાલકો અટવાઈ પડ્યા હતા.

મળતી માહિતી અનુસાર પાંથાવાડાથી મહુડી ગામ તરફ જતા માર્ગ ઉપર શુક્રવારની રાત્રીના પાલતુ પશુ બાંધવાની જગ્યાઓ સુધી પાણી એકઠુ થવા લાગતા આખરે ખેડૂતોએ ડામર રોડને બે ત્રણ ફૂટ જેટલો તોડ્યો હતો અને પાણીનો નિકાલ કર્યો હતો પરંતુ શનિવારના દિવસો કેટલાક વાહનચાલકો તુટેલા રોડના પગલે અટવાયા હતા અને અન્ય માટે નાળા નથી મુકવામાં આવ્યા જેના પગલે પાણી એકઠા થયા અને સ્થાનિકોએ રોડ તોડી પાણીનો નિકાલ કરતા વાહનચાલકો અટવાયા હતા. હાલમાં રોડની નીચે પાણીના નિકાલ માટે નાળુ મુકી રોડ રિપેર કરવાની માંગ ઉઠી છે.

# ડબલ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલતી અરવલ્લી પોલીસ

## હેલોદર ગામે પત્ની સાથે આડા સબંધ રાખનાર યુવક અને તેના પિતરાઈને બે ભાઈઓએ ત્રણ શખ્સોની મદદથી પતાવી દીધા

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના હેલોદર (ભોલા ભાઠોડા) ગામના ઠાકોર સેના ગ્રામ સમિતિના પ્રમુખ વિક્રમભાઈ તથા ઉપપ્રમુખ મનુભાઈ નામના યુવાન પિતરાઈ ભાઈઓ સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ રાત્રીએ ઘરે કોઈ કામકાજ અર્થે સાથે નીકળ્યા હતા બાદ બીજા દિવસ સવારે બંને યુવકોના તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલ હાલતમાં બંનેના મૃતદેહ ગામની સીમમાંથી મળી આવતા ભારે ચકચાર મચી ઘટનાની ગંભીરતાના પગલે જીલ્લા પોલીસવડા સંજય ખરાત, ડીવાયએસપી ભરત બસિયા અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતા. માલપુર પોલીસે બંને યુવાનોના મ-તદેહને પીએમ માટે ખસેડી દીધી હતી. હત્યાનો ભેદ ઉકેલવા સ્થાનિક પોલિસી અને વિવિધ એજન્સીઓ તપાસમાં જોતરાઈ હતી. ડીવાયએસપી ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ પોલીસે બંને યુવકોની હત્યાનો ભેદ ગણતરીના કલાકમાં ઉકેલી નાખી ગામના જ બે સગ્ગા ભાઈ અને અન્ય બે હત્યારાઓની ધરપકડ કરી હતી. હત્યામાં સામેલ દેવદાંતીના શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

માલપુર તાલુકાના હેલોદર (ભોલા ભાઠોડા) ગામે આડા સંબંધનો કરુણ અંજામ આવ્યો હતો જેમાં ગામની મહિલા સાથે આડા સબંધ રાખનાર વિક્રમભાઈ ઉજમાભાઈ પગી સાથે ગયેલા તેના પિતરાઈ ભાઈ મનુભાઈ લેંબાભાઈ પગીને ગામના જ બાબુભાઈ રામાભાઈ પગી તેના ભાઈ અને અન્ય ત્રણ શખ્સોએ ભેગા મળી ગામની સીમમાં ઢીમ ઢાળી દીધું હતુંપિતરાઈ ભાઈ સાથે જનાર યુવકનો પણ આડા સંબંધમાં ભોગ લેવાતા પરિવારજનોપર આભ તૂટી પડ્યુંહતું.

હેલોદર ગામના વિક્રમ પગીને ગામના જ બાબુભાઈ રામાભાઈ પગીની પત્ની સાથે આડા સબંધ હોવાની જાણ બાબુભાઈ પગી અને તેનો ભાઈ સમસમી ઉઠ્યા હતા બંને ભાઈઓએ અન્ય ત્રણ શખ્સો સાથે મળી વિક્રમ પગીની હત્યાનું કાવતરું રચ્યું હતું જેમાં શુક્રવારે રાત્રે બાબુ પગીએ ફોન કરી વિક્રમને ગામની સીમમાં આવેલા મહાદેવના મંદિરે કામ હોવાનું જણાવી મળવા બોલવતા તેની સાથે મનુભાઈ પગી પણ પહોંચ્યો હતો.

# પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખના તાજને લઈને દોડધામ

## પ્રમુખની રેસમાં દશ ઉમેદવારો : નવા પ્રમુખને લઈને પ્રાંતિજ પાલિકામાં બે જુથ

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાના નવા પ્રમુખને લઈને અટકળો તેજ થઈ છે. ત્યારે નવા પ્રમુખને લઈને હિંમતનગર ખાતે મોહરી મંડળ દ્વારા પ્રાંતિજ પાલિકાના કોર્પોરેટરોની સેન્સસ તથા પ્રમુખના દાવેદારોની





સેન્સસ લેવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે નગરપાલિકાના નવા પ્રમુખને લઈને હાલ અટકળો તેજ થઈ છે અને નવા પ્રમુખની લાઈનમાં હાલ દસ જેટલા ઉમેદવારો લાઈનમાં છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા નગરપાલિકાના નવા પ્રમુખને લઈને હિંમતનગર ખાતે પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટરોની સેન્સસ પણ લેવામાં આવી હતી. પ્રમુખના દાવેદારોના પણ સેન્સસ લેવામાં આવ્યા હતાં જેમાં શ્રત્રિય સમાજના ચારેય ઉમેદવારો દ્વારા અમારા ચારમાંથી ગમે તે એકને પ્રમુખ બનાવવા માટે સેન્સસ માટે બેઠેલા મોવડી મંડળને ભલામણ કરી હતી. પ્રથમ ટર્મ અઢી વર્ષ માટે ઓપન સીટ હતી જેથી ગીતાબેન પટેલને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા જયારે આ વખતે બક્ષીપંચની સીટ હોવાથી બક્ષીપંચમાથી હાલ દસ ઉમેદવારો પ્રમુખ તરીકેની ઉમેદવારી રેસમાં છે જેમાં વોર્ડ-૧ મા ચાર ઉમેદવારો છે જેમાં બે પુરૂષ અને બે મહિલાઓ છે જેમાં રાવળ દિલીપકુમાર પશાભાઈ, પરમાર ગોવિદજી કેશાજી, વણઝાર સીતાબેન ધુળાજી, મકવાણા દક્ષાબેન જીતેન્દ્રકુમાર તો વોર્ડ-૨ મા એકજ મહિલા ઉમેદવાર છે. રાઠોડ જશોદા બેન નટવરસિંહ તો વોર્ડનંબર-૩ માં બે ઉમેદવારો છે જેમાં એક પુરૂષ અને એક મહિલા જેમાં કડીયા દિપક કુમાર હસમુખલાલ, રાઠોડ રીટાબેન દિલીપભાઈ તો વોર્ડ નંબર-૪-૫ મા કોઈ ઉમેદવાર નથી અને વોર્ડ નંબર-૬ મા પણ પણ ત્રણ ઉમેદવારો છે જેમાં એક પુરૂષ અને બે મહિલાઓ જેમાં બલોચ મહેબુબખાં, મકવાણા શિલ્પાબેન મહેશભાઈ, રબારી મોજીબેન તો હાલ તો નવા પ્રમુખને લઈને પ્રાંતિજ ખાતે ખેંચતાણ પણ જોવા મળી રહી છે અને પ્રાંતિજ પાલિકામાં બે જૂથ પણ પડી ગયા છે ત્યારે બીજીબાજુ કારોબારીના ચેરમેનને લઈને પણ ખેંચતાણ ચાલી રહી છે ત્યારે હવે જોવું એ રહ્યું કે કોન કયુ ગ્રુપ કેટલુ જોર લગાવે છે અને કયાં ગ્રુપમાથી અને કયા સમાજમાંથી નવા પ્રમુખની વરણી થશે એ તો હવે જોવું રહ્યું. ત્યારે આ વખતે પ્રમુખની ખેંચતાણમાં અપક્ષોનો મોટો ફાળો રહે તો નવાઈ નહી. ત્યારે હવે જોવું એ રહ્યું કે કોના શિરે પ્રમુખનો તાજ જશે એ તો હવે જોવું રહ્યું. ત્યારે પ્રમુખની ચૂંટણી બાદ કારોબારીના ચેરમેનની પણ નિમણુંક થવાની છે ત્યારે પ્રમુખના સાથે જ કારોબારીના ચેરમેનની પણ નિમણુંક થવાની છે ત્યારે એટલુ તો ચોક્કસ છે કે પ્રમુખના નામની સાથે જ કારોબારીના ચેરમેન ઉપર પણ અત્યારથી જ મોહર લાગી જશે તેમ કહીએ તો કોઈ નવાઈ નહી.

**પ્રમુખ માટે સંભવીત ઉમેદવારો નામ**

રાવળ દિલીપકુમાર પશાભાઈ વાર્ડનંબર-૧
રાઠોડ જશોદાબેન નટવરસિંહ વાર્ડનંબર-૨
કડીયા દિપકકુમાર હસમુખલાલ વોર્ડનંબર-૩
બલોચ મહેબુબખાં વોર્ડનંબર-૬

# સાબરકાંઠા પોલીસવડાએ ચિંધ્યો વિકાસનો માર્ગ

## લોકભાગીદારીથી ૩૧ લાખથી વધુના વિકાસ કાર્યો પૂર્ણ કર્યા

સાબરકાંઠામાં જિલ્લામાં ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમિયાન જિલ્લાની જનતા અને



પોલીસકર્મીઓને અનેક વિકાસકાર્યોની ભેટ મળી છે. જેમાં લોકભાગીદારીથી રૂ. ૩૧ લાખથી વધુના વિકાસ કાર્યો પૂર્ણ કરી જિલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિકે વિકાસનો નવો રાહ ચિંધ્યો છે.

જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ હિંમતનગર હાર્દસમાન પોલીસ અધિક્ષકની કચેરીમાં રજવાડી ઓપ સાથેનો કલાત્મક ગેટ રૂ. ૧૭.૫૪ લાખના ખર્ચેચાર માસના ટૂંકા સમયગાળામાં જયારે હેડ કવાર્ટસના દરવાજા સામે લોકભાગીદારી અને રૂ. ૫.૫૦ ખર્ચે બનાવવામાં આવેલા ફુવારા(ફાઉન્ટેન) તેની સુંદરતામાં વધારો કરશે.

આ ઉપરાંત પોલીસ જવાનોના સ્વાસ્થ્યની કાળજી માટે રૂ. ૯.૭૫ લાખના ખર્ચે અદ્યતન ઈન્સ્ટુમેન્ટ સાથે જીમ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત ચાલુ વર્ષે પોલીસ હેડકર્વાટસની પડતર જમીનમાં જાપાનની મિયાવાંકી પધ્ધતિથી ૫૫૦૦



ફળાઉ અને બિનઉપજાઉ રોપાઓનું વાવેતર કરાયું. તેમજ ફળચામાં ગયેલી પોલીસકર્મીઓની ક્રેડિટ સોસાયટીને પુનઃજીવિત કરીને ૭૮૭ સભાસદોને ૨૬.૭૨ લાખનું શેરભંડોળ એકત્રિત કરી સોસાયટી દ્વારા તહેવાર પ્રસંગે મીઠાઈનું વેચાણ, અમૂલ પાર્લર, સભાસદોને લોન જેવી પ્રવૃતિ હાથ ધરાઈને પોલીસ પરીવારોને આર્થિક રીતે પગભર કરવાનું ઉમદા કામ કરાયું છે. તેમજ રૂ. ૬.૫૦ લાખના ખર્ચે સવગઢ પોલીસ ચોકીનું નિર્માણ કરતા લોકોને સમસ્યાનો ઝડપી નિવારણ આવશે. પોલીસની સતત હાજરીને કારણે અસમાજીક પ્રવૃતિઓ પર રોક આવશે. તેની સાથે પોલીસ પરીવારોને ઘરનું આશ્રય મળી રહે તે માટે રહેઠાણના મકાનો તૈયાર કરવામાં આવ્યા છે તેમજ ચાલુ વર્ષે હજી વધુ નવા ૧૧૮ કવાર્ટસ તથા હેડકવાટર્સની વિવિધ શાખાઓ તૈયાર કરી બહુમાળી ભવનનું નિર્માણ થશે જેના થકી સાબરકાંઠા પોલીસના ઉત્કૃષ્ઠ, ઉત્તમ પ્રકારની સેવાનો જિલ્લાની પ્રજાને લાભ મળશે.



# રાષ્ટ્રભક્તિના રંગમાં રંગાયું મોડાસાનું ગાયત્રી ચેતના કેન્દ્ર

૭૪માં સ્વતંત્રતા પર્વ સમગ્ર દેશભરમાં ઉત્સાહભેર મનાવાઈ રહ્યું છે, ત્યારે મોડાસા ખાતેના ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે ગાયત્રી માતાજી તિરંગા રંગમાં શૃંગાર તેમજ સમગ્ર ચેતના કેન્દ્રમાં રાષ્ટ્ર ભક્તિના દર્શન થયા હતા. આજે આ પર્વની ઉજવણી મોડાસા તેમજ આસપાસના ગામોમાં સૌ ગાયત્રી ઉપાસકો રાષ્ટ્રની અખંડિતતા અને સીમા સુરક્ષા જળવાઈ રહે તે માટે તેમજ રાષ્ટ્ર ખૂબજ સમૃદ્ધિ અને સશક્તિકરણ માટે તેજ ગતિથી આગળ વધી ખૂબજ પ્રગતિ પામે તે માટે આજના દિવસે સૌ પરિજનોએ પોતાના ઘેર ગાયત્રી મહામંત્રની વિશેષ ઉપાસના તેમજ યજ્ઞ કરી રાષ્ટ્ર માટે વિશેષ આહુતિ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ પરિજનો પોતાના ઘર પરિવારમાં વિશેષ દેશભક્તિના ગીતોથી ગુંજતું વાતાવરણ બનાવવા પ્રયાસ કરી આપણી આગલી પેઢીમાં પણ રાષ્ટ્ર માટે ત્યાગ, સમર્પણ, નિષ્ઠાની ભાવનાનો વધુમાં વધુ વિકાસ થાય તેવાં હમેશા પ્રયત્નશીલ રહે તેવો સૌને સંદેશો આપવામાં આવ્યો. રાષ્ટ્રભક્તિ માટે જીવનમાં સંસ્કાર ખૂબજ જરૂરી છે.



# બાયડ એપીએમસીના સતત બીજીવાર ચૂંટાયેલા ચેરમેનનું સન્માન

આજરોજ મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા સહકારી સંઘની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં ગુજરાત સ્ટેટ એગ્રીકલચર માર્કેટિંગ બોર્ડ ગાંધીનગરના ડિરેક્ટર અને જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર બાબુભાઈ એમ. પટેલ(બાયડ) સતત બીજીવાર બાયડ એપીએમસીના ચેરમેન પદે ચૂંટાઈ આવતા આજે અરવલ્લી જિલ્લા સહકારી સંઘની મળેલી આ બેઠકમાં તેમને અભિનંદન પાઠવીને તેમનું ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ સહિત બોર્ડના ડિરેક્ટરો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે વાઈસ ચેરમેન ભીખાજી ડામોર, માનદમંત્રી જગદીશભાઈ પટેલ, ડિરેકટર શામળભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ ભાટી, પંકજભાઈ એન. પટેલ, વિનોદભાઈ શાહ, ગુલાબચંદ પટેલ, રાજેન્દ્રકુમાર જે. પટેલ, હસમુખભાઈ પટેલ, વગેરેએ તેમનું સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ બેઠકનું સંચાલન એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશીએ કર્યું હતું.

# ભિલોડા તાલુકા કક્ષાનો વન મહોત્સવ ચુનાખાણ ગામમાં યોજાયો

ભિલોડા,તા.૧૭

ભિલોડા તાલુકા કક્ષાનો વન મહોત્સવ ચુનાખાણ ગામમાં યોજાયો હતો. ભિલોડા તાલુકા વન વિભાગ,વિસ્તરણ રેન્જના આર.એફ.ઓ. પી.બી. ભાટીના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકા કક્ષાનો ૭૧મો વન મહોત્સવ ચુનાખાણ ગામની એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમદર્શન માધ્યમિક શાળામાં ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, મામલતદાર રમણભાઈ વણકર, મનજીભાઈ કોટવાળ, સંજયભાઈ બારોટ, આચાર્ય એન.એચ.અસારી સહિત સામાજીક આગેવાનો, કાર્યકરો, વન વિભાગના અધિકારીઓની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.



# ધાનેરા નગરપાલિકાની બીજા ટર્મની ચૂંટણી ૨૦મી ઓગસ્ટના યોજાશે

કોંગ્રેસ શાસિત ધાનેરા નગરપાલિકા ની બીજા ક્રમની ચૂંટણી આગામી ૨૦ મી ઓગસ્ટના રોજ નાયબ કલેકટર ની અધ્યક્ષતામાં યોજાનાર છે જેને લઈ ધાનેરામાં અત્યારથી જ રાજકીય ગરમાગરમી જોવા મળી રહ્યો છે. ધાનેરા નગરપાલિકામાં કોંગ્રેસના કુલ ૧૭ સભ્યો છે જ્યારે ભાજપના ૧૧ સભ્યો છે કોંગ્રેસ શાસિત નગરપાલિકામાં અત્યારે યુસુફખાન બેલીમ પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે અને બીજા ટર્મ માટે પ્રમુખ માટે મહિલા સીટ અને ઉપપ્રમુખ માટે પુરુષ સીટ માટે ની ચૂંટણી થશે .જોકે બીજા ટર્મ માટે ની ચૂંટણીમાં ભાજપ કોઈ કાવાદાવા ના કરે અને સત્તા છીનવવાની કોશિશ ન કરે તે માટે કોંગ્રેસે તેના તમામ સભ્યો અત્યાર થીજ સહેલગાહે મોકલી દીધા છે જોકે આગામી ૨૦ મી ઓગસ્ટના રોજ કોણ પ્રમુખ બનશે તે ચિત્ર પણ સ્પષ્ટ થઈ જશે, ત્યારે ધાનેરા નગરપાલિકા માં પ્રમુખ ,ઉપપ્રમુખ ની ચૂંટણી ને લઈ રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો છે .